# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૬૨૭ તા. ૧૦/૦૨/૨૦૨૦

પરિપત્રઃ- ૧૦૮૫

વિષય:- ટેબલેટ સહાયનો લાભ આપવા બાબત

સંદર્ભ:- જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતી જી. વડોદરાની કચેરીના પત્રાંક સકઅ/વિ.જા./શિક્ષણ/૨૦૧૯-૨૦/૫૨૭ તારીખ ૦૬/૦૨/૨૦૨૦

શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન મહીસાગર જીલ્લામાં આવેલ વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરા-મેડીકલ વિધાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ પત્ર અનુસાર સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ અને શિક્ષણ વિભાગમાંથી રૂ. ૧૦૦૦/- ટોકન ફી ભરીને ટેબલેટ મેળવેલ હોય તેવા તમામ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને ફી માફી લાભ મળી રહે તે માટે આપની કોલેજમાં અભ્યાસ કરતા અને આ યોજનાનો લાભ મેળવવા પાત્ર વિદ્યાર્થીઓની યાદી જીલ્લા સમાજકલ્યાણ અધિકારી (વિકસતી જાતી), જૂની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ, બસ સ્ટેશન પાછળ લુણાવાડા ખાતે સત્વરે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. સંદર્ભ-દર્શિત પત્રની નકલ બીડાણમાં સામેલ રાખેલ છે.

કા. કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન મહીસાગર જીલ્લામાં આવેલ વિજ્ઞાન, વાણીજ્ય, વિનયન, કાયદા, શિક્ષણ, મેડીકલ અને પેરામેડીકલ વિધાશાખાનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કોલેજ તથા અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ / પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

<u>નકલ રવાના જાણ અર્થે</u>

- સમાજકલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતી), જૂની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ, બસ સ્ટેશન પાછળ લુણાવાડા



Scanned by CamScanner

# જિલ્લા સમાજકલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) જિ.મહીસાગર

જૂની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ, બસ સ્ટેશન પાછળ, મુ.લુણાવાડા

Mail : swodcmahisagar14@gmail.com ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૮૧૮


નં.સકઅ/વિ.જા/શિક્ષણ/૨૦૧૯-૨૦/૫૨૭ તા.૦૬/૦૨/૨૦૨૦

Shri Govind Guru University
GODHRA
Inward No. : 431
Date : 10/2/2020
Branch :

પ્રતિ,

રજીસ્ટારશ્રી,

ગોવિંદગુરુ યુનિવર્સિટી,

મુ.ગોધરા જિ.પંચમહાલ

વિષય :- ટેબ્લેટ સહાયનો લાભ આપવા બાબત

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સશ-૧૦૨૦૧૩-ન.બા.૩૪૭-અ.૧ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ટકાથી ઉત્તિર્ણ થયેલ વિધાર્થીઓને આગળ અભ્યાસ માટે તેમના માતા-પિતા /વાલી ની આવકને ધ્યાને લીધે સિવાય વિના મુલ્યે ટેબ્લેટ આપવાની યોજના અમલમા છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગે તા.૧૨/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક પરચ- ૧૦૨૦૧૭-૨૬૯-સ થી ધોરણ-૧૨ની પરીક્ષમાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજયના માન્ય યુનિવસીટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિધયાર્થીઓને રૂ ૧૦૦૦/- ના ટોકન દરે ટેબ્લેટ આપવાની યોજના અમલમાં છે. ઉકત તારીખવાળા શિક્ષણ વિભાગના ઠરાવમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના બદલે ધોરણ-૧૨ના તમામ પ્રવાહોના વિધાર્થીઓને આગળ અભ્યાસ માટે પ્રવેશ મેળવેલ હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તમામ વિધાર્થીઓને ધોરણ-૧૨માં ૭૦ ટકાની મર્યાદાના બદલે ધોરણ-૧૨માં તમામ પ્રવાહમાં ઉત્તિર્ણ થનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિધાર્થીએ ગુજરાત રાજયમાં માન્ય પ્રવેશ હોય તેઓને રૂ ૧૦૦૦/- ના ટોકન ફી દરે આપવામાં આવે છે.

મહીસાગર જીલ્લામાં આવેલ તમામ પ્રવાહની કોલેજોમાં આપની કક્ષાએથી ટેબલેટ ફાળવણી થઈ હોય તેવી કોલેજના સામાજિક શૈક્ષણિક અને પછાતવર્ગના વિધાર્થીઓની યાદી અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે. જેથી ઉકત યોજનાનો લાભ સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગના વિધાર્થીઓને આપી શકાય.

જિલ્લા સમાજકલ્યાણ અધિકારી
(વિ.જા) જિ.મહીસાગર, લુણાવાડા

Scanned by CamScanner